પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૭૬ | ૧૭ ડિસેમ્બર, ૨૦૧૮, સોમવાર; માગશર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ખેડૂતની દેવા માફીની વાત ગેરમાર્ગે દોરે છે : મોદી

## કોંગ્રેસે દેવા માફીના વચનો આપ્યા છે પરંતુ વચન પળાયા નથી : કર્ણાટકમાં ૧૦૦૦ ખેડૂતોનું દેવું પણ માફ કરાયું નથી : રાફેલ પ્રશ્ને પણ આકરા પ્રહારો

રાયબરેલી, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે યુપીએના ચેરમેન સોનિયા ગાંધીના ગઢ ગણાતા રાયબરેલીમાં પહોંચ્યા હતા અને ત્રણ રાજ્યોમાં ચૂંટણીમાં હાર ખાધા બાદ પોતાના અસલ અંદાજમાં ચૂંટણી પ્રચારની શરૂઆત પણ કરી દીધી હતી. રાયબરેલીમાં જનસભાને સંબોધતા મોદીએ ખેડૂતોની દેવા માફીની વાત કરનાર કોંગ્રેસની અનેક બાબતોને ખુલ્લી પાડી હતી. તેમણે કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, કર્ણાટકમાં ૧૦ દિવસની અંદર ખેડૂત દેવા માફીની વાત કોંગ્રેસે કરી હતી પરંતુ હજુ સુધી છ મહિનાનો ગાળો હોવા છતાં ૧૦૦૦ ખેડૂતોના દેવા પણ માફ થયા નથી. દેવા માફીના નામ ઉપર દેશના ખેડૂતો



સાથે રમત રમવામાં કોંગ્રેસ પાર્ટી વ્યસ્ત હોવાની વાત કરીને મોદીએ કોંગ્રેસ ઉપર ખેડૂતના નામ ઉપર મત લેવાના મુદ્દે પ્રહારો કર્યા હતા. તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીએ ત્રણેય રાજ્યોમાં સરકાર બન્યા બાદ દેવા માફીનું વચન આપ્યું હતું. મોદીએ કહ્યું હતું કે, કર્ણાટકમાં છ મહિના થયા હોવા છતાં ૧૦૦૦ ખેડૂતોનું દેવું પણ માફ થયું નથી. કોર્ટ દ્વારા ખેડૂતો ઉપર કાર્યવાહી કરવામાં આવી રહી છે પરંતુ સરકારો મૌન બનેલી છે. કોંગ્રેસના શાસનમાં ખેડૂતો અને જવાનોની પરેશાની તરફ ક્યારે પણ ધ્યાન આપવામાં આવ્યું નથી. ખેડૂતોની આવક વધારવા માટે નીતિઓ બનાવવામાં આવી રહી નથી. એમએસપી પર એનડીએ સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણયના કારણે ખેડૂતોને ૬૦૦૦૦ કરોડ રૂપિયાનો સીધો ફાયદો થયો છે. વર્તમાન એનડીએ સરકારે ખેડૂતોની આવક વધારવા માટે એમએસપી પર સ્વામિનાથન કમિટિના રિપોર્ટના અમલી કરવામાં પણ સફળતા મેળવી છે. ખરીફ અને રવિની ૨૨ પાક પર એમએસપી નક્કી કરવામાં આવ્યા છે. મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, કોંગ્રેસની સરકારમાં કિસાન વિમા માટે ૧૫ ટકા પ્રિમિયમ લેવામાં આવતા હતા. ભાજપ સરકારમાં પાક વિમા યોજના હેઠળ એકથી પાંચ ટકા પ્રિમિયમ લેવામાં આવ્યા છે. ખેડૂતો પાસેથી ૮૦૦૦ કરોડ રૂપિયા લઈને ૩૩૦૦૦ કરોડ રૂપિયા પાક ખરાબ થવાની સ્થિતિમાં ખેડૂતોને પરત કરવામાં આવ્યા છે.

## સત્યને ક્યારે શ્રૃંગારની જરૂર હોતી નથી : મોદી

નવીદિલ્હી, તા. ૧૬

રાફેલ ડિલને લઈને કોંગ્રેસ ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, સત્યને ક્યારે પણ શ્રૃંગારની જરૂર હોતી નથી. જુઠ્ઠાણા કેટલા પણ ફેલાવવામાં આવે તેમાં તાકાત હોતી નથી. મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, સંરક્ષણ સોદાબાજીના મામલામાં કોંગ્રેસના ઈતિહાસને દેશના લોકો જાણે છે. બોફોર્સથી લઈને હેલિકોપ્ટર સુધીના કૌભાંડોથી લોકો વાકેફ છે. કોંગ્રેસ હાલમાં ભારે હચમચી ઉઠી છે. કારણ કે, કેન્દ્ર સરકાર દ્વારા જે સંરક્ષણ સોદા કરવામાં આવી રહ્યા છે તેમાં કોઈ ક્વોટ્રોચી મામા અથવા તો ક્રિશ્ચિયન મિશેલ નામના અંકલ નથી. કોંગ્રેસ શાસનકાળમાં દરેક સોદાબાજીમાં મામા અને કાકાઓ વચેટિયા તરીકે હતા. એનડીએ સરકારમાં કોઈ મામા અને અંકલ નથી. ભાજપ માટે દેશ સૌથી પહેલા છે. તેમણે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર દેશહિત, રાષ્ટ્રહિત અને જનહિતને સર્વોપરિતા આપે છે. તેમની સરકારના આ સંસ્કાર છે. કોંગ્રેસના શાસનકાળમાં અનેક જરૂરિયાતો હોવા છતાં કોઈ સોદા કરવામાં આવ્યા ન હતા. આધુનિક વિમાનોની જરૂર હોવા છતાં પગલા લેવાયા ન હતા. તેમના પગલાના લીધે દેશના ૬૦૦૦૦ કરોડ રૂપિયાનો ફાયદો ખેડૂતોને સીધીરીતે થયો છે જેનાથી તેમને વધુ ફાયદો થશે.

## ન્યુઝ ટ્રેક

### ફ્રાન્સમાં વિરોધ પ્રદર્શન વધુ તેજ

ફ્રાન્સની રાજધાની પેરિસમાં ફ્યુઅલ ટેક્સ મુદ્દે થઈ રહેલા વિરોધ પ્રદર્શનો પાંચમાં અઠવાડિયે પણ યથાવત રહ્યા છે. શુક્રવારે નવેસરથી શરૂ થયેલા પ્રદર્શનોમાં દેખાવકારોએ વાહનોને આગ ચાંપી હતી તથા દુકાનોમાં તોડફોડ કરી ઈમારતોને નુકશાન પહોંચાડ્યુ હતુ.

### વિનોદ ખન્નાની પત્નિનુ અવસાન

પંજાબમાં ગુરદાસપુરના સાંસદ રહેલા દિવંગત એક્ટર વિનોદ ખન્નાની પ્રથમ પત્નિ ગીતાંજલિનું અવસાન થયું છે. હૃદયરોગનો તીવ્ર હુમલો આવતા તેઓને હોસ્પિટલ લઈ જવાયા હતા જયાં તેમનું અવસાન થયું છે.

### કર્ણાટકમાં બોઈલર ફાટતા ૬ના મોત

કર્ણાટકના બગલકોટ જિલ્લાના મુધોલમાં એક શુગર મીલનુ બોઈલર ફાટ્યુ હતુ. જેમાં ૬ના મોત નિપજ્યા છે. જ્યારે ૫ને ઈજા થઈ છે.

### કરૂણાનીધીની મૂર્તિનુ અનાવરણ

તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી એમ. કરૂણાનીધીની મૂર્તિનું ચેન્નાઈમાં અનાવરણ થયુ હતુ. આ પ્રસંગે વિપક્ષના દિગ્ગજ નેતાઓ એકત્ર થયા હતા. જેમાં યુપીએના ચેરપર્સન સોનિયા ગાંધી સામેલ હતા.

# કોંગ્રેસના ત્રણેય મુખ્યમંત્રીઓ આજે શપથ લેશે

જયપુર-ભોપાલ, તા. ૧૬



મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે કમલનાથના અને રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે અશોક ગેહલોતની આવતીકાલે શપથવિધિ થશે. શપથવિધિ કાર્યક્રમમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ઉપસ્થિત રહે તેવી વાત અશોક ગેહલોતે પહેલાથી જ કરી છે. અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. અશોક ગેહલોત અને કમલનાથની શપથવિધિમાં ઉપસ્થિત રહેવા માટે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. ૧૭મી ડિસેમ્બરે રાજસ્થાનના પાટનગર જયપુરમાં અશોક ગેહલોત ભવ્ય કાર્યક્રમમાં મુખ્યમંત્રી તરીકેના શપથ લેશે. શપથવિધિમાં તેમના પરિવારના સભ્યોની સાથે સાથે અન્ય વરિષ્ઠ નેતાઓ પણ ઉપસ્થિત રહેશે. ગેહલોતની સાથે સચિન પાયલોટ રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. બીજી બાજુ ભોપાલમાં કમલનાથ મુખ્યમંત્રી



તરીકે શપથ લેશે. કમલનાથે ફોન કરીને નાયડુને આમંત્રણ આપ્યું છે અને નાયડુએ આમંત્રણ સ્વીકારી પણ લીધું છે. ૧૩મી ડિસેમ્બરના દિવસે જ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી તરીકે કમલનાથના નામની જાહેરાત કરવામાં આવી હતી. એજ દિવસે રાજસ્થાનના મુખ્યમંત્રી તરીકે અશોક ગેહલોતના નામની જાહેરાત કરવામાં આવી હતી. એકબાજુ હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ પાર્ટી મધ્યપ્રદેશમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી અને ૧૧૪ સીટો જીતી હતી. માયાવતીની બહુજન સમાજ પાર્ટી અને અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટીએ કોંગ્રેસને ટેકો આપતા કોંગ્રેસે બહુમતિ માટેનો ૧૧૬નો આંકડો મેળવી લીધો છે. બીજી બાજુ રાજસ્થાનમાં કોંગ્રેસ પાર્ટીએ ૧૯૯ સીટો પૈકી ૯૯ સીટો જીતી હતી. આની સાથે જ ભાજપ પાસેથી કોંગ્રેસ સત્તા આંચકી લીધી છે.

લાંબા સસ્પેન્સ બાદ



છત્તીસગઢના મુખ્યમંત્રી તરીકે ભુપેશ બઘેલના નામની જાહેરાત

● અનુસંધાન પાના - ૭ પર

# કાશ્મીરમાં ભારેલો અગ્નિ

## કટ્ટરપંથીઓના બંધ વચ્ચે સ્ફોટક પરિસ્થિતિ રહી

પુલવામામાં હિઝબુલના કુખ્યાત ત્રાસવાદી જુહુર ઠોકર સહિત ત્રણ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ અથડામણ સ્થળે જોરદાર રક્તપાતની સ્થિતિ સર્જાઈ હતી. સ્થાનિકો દ્વારા સેનાના ઓપરેશનના વિરોધમાં જોરદાર પથ્થરમારો કરવામાં આવ્યો હતો જેના જવાબમાં કાર્યવાહી કરાતા આઠ નાગરિકોના મોત થયા હતા. અલગતાવાદીઓ દ્વારા આજે અથડામણ સામેના વિરોધમાં હડતાળની હાંકલ કરી હતી. સાવચેતીના પગલારુપે જમ્મુ કાશ્મીરના શ્રીનગર જિલ્લાના જુદા જુદા ભાગો અને પુલવામામાં સત્તાવાળાઓ દ્વારા કઠોર નિયંત્રણો લાગૂ કરવામાં આવ્યા હતા. દક્ષિણ કાશ્મીરમાં પુલવામા જિલ્લામાં કલમ ૧૪૪ સીઆરપીસી હેઠળ નિયંત્રણો લાગૂ કરવામાં આવ્યા હતા. શ્રીનગરમાં શ્રેણીબદ્ધ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નિયંત્રણો લાગૂ કરવામાં આવ્યા હતા. કાયદો અન વ્યવસ્થાની સ્થિતિને મજબૂત કરવામાં આવી હતી.

# પર્થ ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાની ભારત પર ૧૭૫ રનની લીડ

પર્થ, તા.૧૬

પર્થ ખાતે રમાઈ રહેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના આજે ત્રીજા દિવસે મેચ અતિ રોમાંચક તબક્કામાં પહોંચી ગઈ હતી. આજે ત્રીજા દિવસે ભારતીય ટીમ તેના પ્રથમ દાવમાં ૨૮૩ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આની સાથે જ ઓસ્ટ્રેલિયા પ્રથમ ઈનિંગ્સના આધારે લીડ મેળવી લીધા બાદ આજે બીજા દિવસે કંગાળ બેટિંગ કરી હોવા છતાં ભારત ઉપર મોટી લીડ મેળવી લીધી હતી.

રમત બંધ રહી ત્યારે ઓસ્ટ્રેલિયાએ ચાર વિકેટ ગુમાવીને ૧૩૨ રન કર્યા હતા. કેપ્ટન ટીમ પેની આઠ રન અને ખ્વાજા ૪૧ રન સાથે રમતમાં હતા. ફિન્ચ રિટાયર્ડ હર્ટ થતાં ઓસ્ટ્રેલિયન છાવણીમાં નિરાશાનું મોજુ ફરી વળ્યું હતું. તે આવતીકાલે બેટિંગ કરી શકશે કે કેમ તેને લઈને પ્રશ્નો થઈ રહ્યા છે. આજે ત્રીજા દિવસે વિરાટ કોહલીએ ૧૩ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૧૨૩ રન કર્યા હતા. તે એક પછી એક રેકોર્ડ કરી રહ્યો છે. રહાણે ગઈકાલના સ્કોર ઉપર જ આઉટ થયો હતો. લિયોને ૬૭ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયન ટીમ આવતીકાલે કયા પ્રકારથી બેટિંગ કરે છે તેના ઉપર હવે મુખ્ય આધાર રહેશે.

## રાફેલ ડીલ મામલે મોદી તપાસ કરાવે : સુબ્રમણ્યમ્ સ્વામી અકળાયા

રાફેલ ડીલને લઈ જેવી રીતે સુપ્રીમ કોર્ટે પોતાનો ફેસલો સંભળાવ્યો અને કેન્દ્ર સરકારને ક્લીન ચિટ આપી દીધી તે બાદ સતત આ મુદ્દે રાજકીય ઘમાસાણ ચાલુ છે. એક બાજુ જ્યાં કોંગ્રેસે કોર્ટના ફેસલા બાદ પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર હુમલો કર્યો અને રાફેલને અત્યાર સુધીનું સૌથી મોટું કૌભાંડ ગણાવ્યું તો બીજી બાજુ ભાજપ કોર્ટના ફેસલા બાદ કોંગ્રેસ સતત માફી માંગે તેવી માગણી કરી રહ્યા છે. આ વચ્ચે ભાજપના સાંસદ અને વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ વડાપ્રધાનને આ મામલે હસ્તક્ષેપ કરવાની વાત કરી છે.



સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું કે મીડિયા મુજબ એટર્ની જનરલે કહ્યું કે તેમણે એફિડેવિટ તૈયાર નથી કર્યું. મને લાગે છે કે વડાપ્રધાન મોદીએ આ તપાસ કરવી જોઈએ કેમકે આ મામલે તેમણે શરમિંદા થવું પડી રહ્યું છે કે અમે અંગ્રેજીમાં એક ડ્રાફ્ટ પણ તૈયાર નથી કરી શકતા. જો એવું હોય તો આ લોકો ડ્રાફ્ટ હિન્દીમાં પણ આપી શકતા હતા. સ્વામીએ કહ્યું કે એફિડેવિટ પર સવાલ ઉભો થવો શક્ય છે કેમ કે જ્યારે પણ તેને કોર્ટમાં જમા કરાવવામાં આવે છે તો તેને સીલ બંધ લિફાફામાં જમા કરાવવામાં આવે છે. પરંતુ આ વખતે કોર્ટે ભૂલથી પોતાના ફેસલામાં આનો ખુલાસો કરી દીધો, આ કારણે જ લોકોને તેની જાણકારી થઈ ગઈ છે. સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું કે જો જજોએ પોતાનો ફેસલા આ એફિડેવિટના આધાર પર આપ્યો છે તો આનાથી ન્યાય પ્રક્રિયા પર અસર પડે છે. જણાવી દઈએ કે સુપ્રીમ કોર્ટે રાફેલ ડીલ મામલામાં પોતાનો ફેસલો સંભળાવતા કહ્યું હતું કે સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે આ મામલાનો રિપોર્ટ કેગને આપી દેવામાં આવી છે, જેની જાણકારી પીએસીને પણ આપી છે.

# કુંભમેળાના શ્રદ્ધાળુઓ માટે ૮૦૦ ખાસ ટ્રેનો દોડાવાશે

લખનૌ, તા. ૧૬

કુંભ મેળા ૨૦૧૯માં આવનાર શ્રદ્ધાળુઓની સુવિધા માટે રેલવે દ્વારા ૮૦૦ સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય રેલવે તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. આ તમામ ટ્રેનો જુદા જુદા સ્ટેશનોથી પ્રયાગરાજની વચ્ચે દોડાવવામાં આવશે. રેલવેના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, આ ટ્રેનો સામાન્ય ટ્રેનો ઉપરાંતની રહેશે. નોર્થ સેન્ટ્રલ રેલવેના પીઆરઓ અમિત માલવીયાએ કહ્યું છે કે, કુંભ મેળામાં આવનાર શ્રદ્ધાળુઓ અને ટ્યુરિસ્ટો માટે દેશના દરેક રેલવે ઝોનથી છ સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે. રેલવે પાંચ હજાર પ્રવાસી ભારતીયોને પ્રયાગરાજથી નવી દિલ્હી લઈ જવા માટે પાંચ સ્પેશિયલ ટ્રેનો દોડાવશે. આ લોકો વારાણસીમાં પ્રવાસી ભારતીય દિવસમાં ભાગ લીધા બાદ કુંભ મેળામાં જશે. ત્યારબાદ આ લોકો નવી દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લેશે. માલવીયાએ એમ પણ કહ્યું તું કે, સ્પેશિયલ ટ્રેનોના ૧૪૦૦ કોચ અને એનસીઆર ઝોનથી ચાલનાર ટ્રેનો પર વિનાઈલના પોસ્ટર મુકીને કુંભ મેળાની બ્રાન્ડિંગ કરવામાં આવશે જેથી દેશભરમાં ધાર્મિક મેળાના સંદેશને પહોંચાડી શકાશે. આ કોચમાં કુંભ મેળાના રંગીન અને આકર્ષક ફોટા અને પ્રયાગરાજની લોકપ્રિય ઈમારતોના ફોટા મુકવામાં આવશે. પેન્ટ માઈ સિટી પહેલ ઉપર પોતાના સ્ટેશનો અને રેલવે કોલોનીમાં જગ્યા આપીને કુંભ મેળાની મોટાપાયે જાહેરાત કરવામાં આવનાર છે.











